પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૫ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ મંગલાચરણ

## જાપાની વડાપ્રધાનનુ ગાર્ડ ઓફ ઓનર આપી ભવ્ય સ્વાગત કરાયુ : એક લાખ કરોડના બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઇ દેશભરમાં ભારે ઉત્સુકતા





અમદાવાદ, તા.૧૩

જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે બે દિવસની ઐતિહાસિક યાત્રાએ આજે અમદાવાદ પહોંચ્યા હતા. અમદાવાદ વિમાનીમથકે પહોંચ્યા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેમના સ્વાગત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલી અને મુખ્યપ્રધાન વિજય રૂપાણી તેમજ અન્યો દ્વારા ભવ્ય રીતે પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આબેનુ ગાર્ડ ઓફ ઓફ ઓનર સાથે સ્વાગત કરવામાં આવ્યુ હતુ. હવે નરેન્દ્ર મોદીના મહાકાય ડ્રીમ પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપર હવે ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આવતીકાલે ગુરૂવારના દિવસે દેશના સૌથી પહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ એથ્લેટીક્સ ગ્રાઉન્ડ સાબરમતી રેલવે સ્ટેડિયમ ખાતે ભૂમિપુજન કરવામાં આવનાર છે.આવતીકાલે ઐતિહાસિક મંત્રણાની સાથે સાથે બન્ને દેશોના પ્રતિનિધીસ્તરની મંત્રણા, બિઝનેસને લગતા વિવિધ કાર્યક્રમ પણ યોજાશે. બન્ને દેશો વચ્ચે અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવનાર છે. ક્યા ક્યા એમઓયુ થશે તેને લઈને પણ તમામ તૈયારી કરાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે હાઈસ્પીડ રેલવે પ્રોજેક્ટનુ ખાતમુહૂર્ત આવતીકાલે કરનાર છે. આની સાથે જ વૈશ્વિક ફલક પર ભારત અને જાપનો પરસ્પર સહકાર આ ક્ષેત્રે નવી દિશા ખોલી દેશે. ખાસ કરીને આ પ્રોજેક્ટ અનેક ઐતિહાસિક સોપાનોનુ સર્જન કરનાર છે. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમીટેડના કહેવા


● અનુસંધાન પાન-૫ પર


# ડોન દાઉદ પર સકંજો

## બ્રિટન સ્થિત કરોડોની સંપત્તિ જપ્ત કરાઇ : દાઉદના નામે વોરવિકશાયરમાં એક હોટેલ તેમજ કેટલાક આવાસો છે જેની સંપત્તિ હજારો કરોડ રૂપિયામાં છે

નવી દિલ્હી, તા.૧૩

સમગ્ર દુનિયામાં ભારે આતંક મચાવી ચુકેલા અને વર્ષ ૧૯૯૩ના મુંબઇ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહિમના મામલામાં ભારતને આખરે એક મોટી સફળતા હાથ લાગી છે. બ્રિટને દાઉદ ઈબ્રાહિમની પોતાના ત્યા રહેલા અબજોની સંપત્તિને જપ્ત કરી લીધી છે. દાઉદ ઈબ્રાહિમની પાસે બ્રિટનમાં વોરવિકશાયરમાં એક હોટેલ અને અનેક આવાસ હતા, જેની કિંમત હજારો કરોડ રૂપિયામાં છે. ગયા મહિનામાં બ્રિટન સરકારે દાઉદને આર્થિક પ્રતિબંધવાળી યાદીમાં મુકી દીધા બાદ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ સંબંધમાં ભારત પહેલાજ બ્રિટનને એક ડોઝિયર સોંપીને દાઉદના સંબંધમાં ઘણી માહિતી આપી દીધી છે. ગયા મહિને બ્રિટન તરફથી જારી કરવામાં આવેલી અપડેટ સંપત્તિ જપ્ત યાદીમાં દાઉદના ૩ સ્થળો અને ૨૧ પેટા નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બ્રિટનના નાણા મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા ફાયનાન્સિયલ ટારગેટ નામની યાદીમાં દાઉદના પાકિસ્તાન સ્થિત ત્રણ સરનામાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બ્રિટનની યાદી મુજબ દાઉદ ઈબ્રાહિમના પાકિસ્તાનમાં ત્રણ સરનામાં હાઉસ નંબર ૩૭, ગલી નં.૩૦, ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટી, કરાંચી, પાકિસ્તાન, નુરાબાદ, કરાંચી, પાકિસ્તાન અને વાઈટ હાઉસ, સાઉદી મસ્જિદની પાસે ક્લિફટન, કરાંચીનો સમાવેશ થાય છે.


**જોઈએ છે**

પેટ્રોલ પંપ માટે એકાઉન્ટન્ટ કમ મેનેજર જોઈએ છે. ગ્રેજ્યુએટની પ્રથમ પસંદગી

મો. : ૯૪૨૬૦ ૦૧૫૬૪

**તાત્કાલિક ડ્રાઈવર જોઈએ છે**

નિવૃત્ત અધિકારીની ગાડી માટે ડ્રાઈવર જોઈએ છે.

સંપર્ક

મો. ૯૪૨૬૦ ૮૪૬૩૨

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**દિવાળી-૨૦૧૭ વેકેશન ટુર**

ફેમીલી ટુર-હનીમુન ટુર

હિમાચલ, કેરાલા, ભૂટાન, અંદામાન, ઉત્તરાખંડ

એમેઝિંગ ડેસ્ટિનેશન હોલિડેઝ

કુડાસણ, ગાંધીનગર

મો. : ૯૬૨૪૦ ૭૩૩૩૩

મો. : ૯૫૭૪૨ ૫૪૪૪૪




